# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-10-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કૃષિ વિકાસ દિવસ અને રાજ્ય કૃષિ મહોત્સવ:

રાજ્ય વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાના અધ્યક્ષસ્થાને ભુજ ખાતે જિલ્લાકક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું સન્માન અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી હતી.

શ્રી મકવાણાએ આ પ્રસંગે ખેડૂતોને આજના સમયની માંગ મુજબ વૈજ્ઞાનિક સમજ તથા ટેક્નોલોજીના સમન્વયથી ખેતી કરવા આહ્વાન કરતા હતું કે, વર્ષ ૨૦૦૫-૦૬માં કૃષિ મહોત્સવની શરૂઆત થઇ હતી. આજે કૃષિ મહોત્સવ ખેડૂતો માટે નવી ટેક્નોલોજી તથા માહિતીના કેન્દ્રસ્થાન બની ગયા છે. કચ્છમાં નર્મદાના અવતરણ બાદ ખેતીક્ષેત્રે સિંચાઇનો પ્રશ્ન હલ થયો છે અને હજી જ્યાં નર્મદાના નીર નથી પહોંચ્યા ત્યાં રાજ્ય સરકાર છેક ખેતર સુધી સિંચાઇનુ પાણી પહોંચાડવા કટિબદ્ધ હોવાનું જણાવીને તેમણે બાગાયત ક્ષેત્રે અગ્રેસર બનેલા કચ્છના ખેડૂતોની મહેનતને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગોના સ્ટોલ મારફતે કૃષિ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું.

---

## દિવાળી નિમતે બજારમાં ખરીદી માટેની ભીડ :

ચાલુ વર્ષે સારા વરસાદ બાદ દિવાળીની ખરીદી માટે જીલ્લાના વિવિધ શહેરોનીં બજારોમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. જીલ્લા મથક ભુજમાં વાણીયાવાડ, અનમ રિંગરોડ, તળાવ શેરી, છઠ્ઠીબારી રિંગ રોડ અને શરાફ બજાર જેવા વિસ્તારોમાં શહેરીજનો અને ગ્રામીણ

લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. જોકે, વાહન પાર્કિંગના અભાવે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

દિવાળીના દિવસોમાં બજારોમાં વાહન વ્યવહાર સરળ બને તે માટે ટ્રાફિક વ્યવસ્થાને પહોંચી વળવા ભુજ જિલ્લા, સીટી ટ્રાફિક, અને એ-બી ડિવિઝન પોલીસ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. તહેવારોના દિવસોમાં પોલીસ વિભાગ દ્વારા ફૂટ માર્ચ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગઈકાલે પણ એસ.ટી. માર્ગથી હોસ્પિટલ રોડ સુધી પોલીસ અધિકારીઓ અને જવાનો દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું.

આગામી દિવસોમાં ટ્રાફિક નિયંત્રણ માટે મુખ્ય માર્ગોને વન-વેમાં ડાયવર્ટ કરાશે અને જરૂર પડ્યે બેરિકેટ્સ પણ મૂકવામાં આવશે.

દરમ્યાન, તહેવારોની ભીડને ધ્યાનમાં રાખીને, ભુજમાં ફરી એકવાર પાર્કિંગ પ્લોટની સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગ ઉઠી છે.

---

## ખડીર નર્મદા પાણી-પ્રતિભાવ:

પૂર્વ કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાના પુરના વધારાના પાણી વિતરણની યોજનાને મંજૂરી આપવા અંગેના રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયને પંથકમાંથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. ધોળાવીરાના સરપંચ જીલુભા સોઢા કહે છે કે, આનાથી ખડીર વિસ્તારના ખેતી અને પશુપાલન સમૃદ્ધ થશે અને જમીનમાં પાણીના તળ ઊંચા આવશે.

(બાઈટ- જીલુભા સોઢા- સરપંચ-ધોળાવીરા)

ઉલ્લેખનીય છે કે, ભચાઉ તાલુકાના ખડીર વિસ્તાર માટે પાણીની સમસ્યાના નિવારણ અને ભૂગર્ભ જળનો વપરાશ ઘટાડી ભૂગર્ભ જળ સપાટી ઉંચી લાવવા માટેની આ યોજના દ્વારા કચ્છ બ્રાંચ કેનાલમાંથી સુવઈ ડેમમાં પાણી ભરી તેમાંથી પમ્પીંગ સ્ટેશન મારફતે પાણી ઉપાડી ખડીર વિસ્તારમાં આવેલા ૧૯૪ તળાવો અને ૬ નાની સિંચાઈ યોજનાઓમાં પાઈપલાઈન મારફતે પાણીથી  ભરવામાં આવશે.

યોજના હેઠળ ખડીર વિસ્તારમાં આવેલા ધોળાવીરા ઉપરાંત અમરાપર, બાંભણકા, બાપુઆરી, ગઢડા, ગણેશપર, જનાણ, કલ્યાણપુર, ખારોડા અને રતનપર એમ કુલ ૧૦ ગામોનો સમાવેશ થાય છે. આ યોજના અમલી બનવાથી ખરીફ અને રવિ સિઝનમાં આશરે ૫,૪૯૨ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે તેવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

---

## ક્રિકેટ:

ક્રિકેટમાં, ભારતે દિલ્હીમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને સાત વિકેટથી હરાવીને શ્રેણી 2-0થી જીતી લીધી છે.

મેચના પાંચમા દિવસે આજે ભારતે ત્રણ વિકેટ ગુમાવી 121 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. જેમા કે.એલ. રાહુલે અણનમ 58 રન અને સાઈ સુદર્શને 39 રનનું યોગદાન આપ્યું હતું. વેસ્ટ ઈન્ડિઝ પર ભારતનો આ સતત 10મો ટેસ્ટ શ્રેણી વિજય છે.

---

## હવામાન:

જિલ્લામાં દિવાળી પહેલા જ વહેલી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. પશ્ચિમ કચ્છમાં નલિયા ખાતે લઘુતમ તાપમાન 18 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અંજાર અને ગાંધીધામ સહિત જિલ્લા મથક ભુજમાં પણ સવાર-સાંજ ઠંડક પ્રસરી રહી છે.

જાણકારોનું કહેવું છે કે, આ વર્ષે ચોમાસાની વિદાય અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હિમાલયમાં હિમવર્ષા શરૂ થઈ છે. સામાન્ય રીતે ચોમાસા બાદ ઉત્તરના પવનો શરૂ થાય છે, પરંતુ હાલ ઉત્તર-પૂર્વ અને ઉત્તર દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના પરિણામે ઠંડી વહેલી શરૂ થઈ છે.

કૃષિ નિષ્ણાતોનું કહેવું છે કે, ચાલુ વર્ષે ઓછી ગરમી અને વહેલી ઠંડીના કારણે પાકનો ઉતારો મોડો મળી શકે છે. જોકે, રવિ વાવણીને તેની કોઈ ખાસ અસર થશે નહીં.

---

## ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ:

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના ઉપક્રમે રાજ્યની સૌથી પ્રતિષ્ઠિત ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ગુજરાત સ્ટેટ અને ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2025નો આજથી આદિપુર, ગાંધીધામના એમ. પી. મિત્રા ઇન્ડોર સ્ટેડિયમ, હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે પ્રારંભ થયો છે.

18મી ઓક્ટોબર સુધી ચાલનારી આ ટુર્નામેન્ટમાં 550 એન્ટ્રી મળી છે અને વર્તમાન ટીટી કેલેન્ડરના મહત્તમ રેન્કિંગ પોઇન્ટ અહીંથી મળવાના છે. વ્યક્તિગત ઇવેન્ટ ઉપરાંત વિવિધ ખેલાડીઓને પોતાના જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની પણ તક મળી રહી છે.

---